Sunday
19.02.2023
✳Volume :7 ✳ Issue No.201
✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

વિશ્વાસથી વિકાસ યાત્રા

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્


KAMALAM ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

✳Managing Editor: Arjun Sondarva ✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

## ઉત્તરપ્રદેશના કૃષિ મંત્રી શ્રી સૂર્ય પ્રતાપ શાહી રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની મુલાકાતે



કમલમ્ ન્યુઝ,

ઉત્તર પ્રદેશના કૃષિ મંત્રી શ્રી સૂર્ય પ્રતાપ શાહીએ રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની શુભેચ્છા મુલાકાત લીધી હતી. રાજભવનમાં બંને મહાનુભાવોએ પ્રાકૃતિક કૃષિનો વ્યાપ અને વિસ્તાર વધારવા વિચાર-વિમર્શ કર્યો હતો. ઉત્તર પ્રદેશના કૃષિ મંત્રી શ્રી સૂર્ય પ્રતાપ શાહીએ ઉત્તર પ્રદેશમાં કૃષિ ક્ષેત્રે થઈ રહેલી કામગીરીની વિસ્તૃત ચર્ચા કરી હતી. રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગુજરાતમાં પ્રાકૃતિક કૃષિ માટે ખેડૂતોમાં પ્રવર્તી રહેલા ઉત્સુકતા અને ઉત્સાહની જાણકારી આપીને રાજ્ય સરકાર દ્વારા થઈ રહેલી કામગીરીની માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે, રાસાયણિક ખાતરો અને પેસ્ટિસાઈડ્સના બેફામ ઉપયોગથી આવનારા સમયમાં ભારે પરેશાની ભોગવવી પડશે. પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ એક માત્ર ઉપાય છે એટલે તેનો વિસ્તાર વધારવા સામૂહિક પ્રયત્નોની આવશ્યકતા છે.


‘અમૃતકાળમાં સ્વર્ણિમ ભવિષ્ય તરફ’ વિષયવસ્તુ સાથે રાજયની જિલ્લા પંચાયતના પ્રમુખશ્રીઓ-પદાધિકારીઓનો એક દિવસીય પરિસંવાદ

# ફિલ્ડની કામગીરી-વહીવટી બાબતો- સ્થાનિક સમસ્યાઓની વિગતો મેળવી માર્ગદર્શન આપ્યું

## પંચાયતી રાજ ઇન્ફરમેશન એન્ડ મેનેજમેન્ટ સિસ્ટમ-PARINAM પોર્ટલનું મુખ્યમંત્રીશ્રીએ કર્યું લોન્ચીંગ

કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની જિલ્લા પંચાયતોના પદાધિકારીઓ અને પંચાયતી અધિકારીઓના પરસ્પર સુચારૂ સંકલનથી વિકાસ કામોને નવી ગતિ આપવા પ્રેરક આહવાન કર્યુ છે. આ સંદર્ભમાં તેમણે જણાવ્યું કે, જિલ્લા પંચાયત સ્તરે જિલ્લાના વિકાસ કામોનું આયોજન-પ્લાનીંગ કરતાં પૂર્વે વિકાસ કામોની યાદી, અગ્રતા વગેરેમાં પદાધિકારીઓને સહભાગી બનાવવા યોગ્ય સંકલન થવું જરૂરી છે. મુખ્યમંત્રીશ્રીએ જિલ્લા પંચાયતોના પ્રમુખશ્રીઓ, ઉપ પ્રમુખશ્રીઓ અને કારોબારી સમિતીના અધ્યક્ષો માટે રાજયના પંચાયત વિભાગ દ્વારા ગાંધીનગરમાં આયોજિત પરિસંવાદમાં સંબોધન કર્યુ હતું. ‘અમૃતકાળમાં સ્વર્ણિમ ભવિષ્ય તરફ’ વિષય વસ્તુ સાથે યોજાયેલા આ પરિસંવાદમાં મુખ્ય મંત્રીશ્રીએ નિર્ધારીત કાર્યક્રમ કરતાંનવતર એક અભિગમ અપનાવ્યો હતો. તેમણે આ પરિસંવાદમાં સહભાગી જિલ્લા પંચાયત પ્રમુખો, ઉપ પ્રમુખો અને કારોબારી અધ્યક્ષો સાથે પ્રવચન શ્રેણીને બદલે વાતચીત-પરસ્પર સંવાદનો ઉપક્રમ યોજ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ ૧૦ જેટલા જિલ્લાઓના પદાધિકારીઓ પાસેથી તેમની કામગીરી, રાજ્ય સરકાર તરફથી મળતા પ્રોત્સાહન, ફિલ્ડ લેવલે ઉદભવતા સ્થાનિક પ્રશ્નો-વહીવટી બાબતોની વિશદ જાણકારી પ્રશ્નોત્તારીના માધ્યમથી મેળવી હતી. મુખ્યમંત્રીશ્રીએ વિકાસ કામોના લોંગ ટર્મ પ્લાનીંગ-લાંબાગાળાના આયોજનથી સાતત્યપૂર્ણ કામો દ્વારા નાણાંનો પૂરેપૂરો સદુપયોગ થાય તે માટે પદાધિકારીઓને અનુરોધ કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ આ પરિસંવાદના પ્રારંભે પંચાયત વિભાગ દ્વારા પંચાયતી રાજને વધુ સુદ્રઢ અને સક્ષમ બનાવવા માટે ‘પંચાયતી રાજ ઈન્ફોરમેશન એન્ડ મેનેજમેન્ટ સિસ્ટમ’ (PARINAM) પોર્ટલનું ઈ લોકાર્પણ કર્યુ હતું. આ PARINAM પોર્ટલ દ્વારા તાલુકા કક્ષાએથી રાજ્ય સરકાર સાથે સીધો પેપરલેસ સંવાદ થશે,એક સેન્ટ્રલાઈઝ સિસ્ટમથી કર્મચારીની આંતરીક જિલ્લા ફેર-બદલી, બઢતી અને અન્ય યોજનાઓનું Real-Time મોનીટરીંગ અને મેનેજમેન્ટ શક્ય બનશે. એટલું જ નહી, PARINAM ને ભવિષ્યમાં ઈ-સરકાર સાથે જોડીને, પંચાયત વિભાગ અને રાજ્ય સરકાર સંપૂર્ણ રીતે પારદર્શક અને પેપરલેસ થવા તરફ હરણફાળ ભરશે. આ પ્રસંગે પંચાયત રાજ્ય મંત્રીશ્રી બચુભાઈ ખાબડે ઉપસ્થિત પદાધિકારીઓને રાજ્ય-કેન્દ્રની યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવાના સંવાહક બનવા માર્ગદર્શન આપ્યુ હતું. અધિક મુખ્ય સચિવશ્રી મનોજકુમાર દાસે દરેક જિલ્લાનાં લોકોની જરૂરિયાત મુજબ ‘Bottom Up એપ્રોચ ધરાવતા તથા UNDPના સસ્ટેનેબલ ગોલ્સને અનુરૂપ માસ્ટર પ્લાન બનાવવાના સૂચનો કર્યા હતા. આ એક દિવસીય પરિસંવાદમાં ડીસ્ટ્રીક્ટ પંચાયત ડેવલપમેન્ટ પ્લાન, તાલુકા પંચાયત ડેવલપમેન્ટ પ્લાન, જિલ્લા પંચાયતનાં સ્વભંડોળ



વધારાનાં પ્રયાસો, નાણાંકીય શિસ્ત તથા નાણાંનું સુવ્યવસ્થિત આયોજન તેમજ IT ક્ષેત્રે પંચાયત વિભાગનાં યોગદાન વિશે માહિતી આપવામાં આવી હતી. પંચાયત પરિષદના પ્રમુખ શ્રીમતી નયનાબહેન પટેલે આભાર દર્શન કર્યુ હતું. પંચાયત-ગ્રામ વિકાસના અગ્ર સચિવ શ્રી મિલીન્દ તોરવણે, વિકાસ કમિશનર શ્રી સંદીપ કુમાર તથા વરિષ્ઠ અધિકારીઓ આ પરિસંવાદમાં જોડાયા હતા.

# સાંકળચંદ પટેલ યુનિવર્સિટી ખાતે તારીખ ૧૩ થી ૧૭ ફેબ્રુઆરીના રોજ “નૂતન ઉડાન ૨૦૨૩”, વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમની ભવ્ય ઉજવણી કરવામાં આવી















કમલમ્ ન્યુઝ,

મેડિકલ, પેરામેડિકલ, ટેકનિકલ, મેનેજમેંટ, કમ્પ્યુટર સાયન્સ,ફાર્મસી, ડિઝાઈનિંગ, હોમિયોપેથિક જેવા વિવિધ ક્ષેત્રે શિક્ષણ પૂરું પાડતી ઉત્તર ગુજરાતની એકમાત્ર સાંકળચંદ પટેલ યુનિવર્સિટી ખાતે વિદ્યાર્થીઓમાં શિક્ષણની સાથે તેમનામાં રહેલી સુષુપ્ત પ્રતિભાઓ બહાર લાવવા તેમજ ભારતીય સંસ્કૃતિના મૂલ્યો ઉજાગર કરવાના હેતુથી યુનિવર્સિટી દ્વારા તારીખ ૧૩ થી ૧૭ ફેબ્રુઆરીદરમિયાન “નૂતન ઉડાન ૨૦૨૩”ની ઉજવણી કરવામાં આવી. જેમાં યુનિવર્સિટીની સંલગ્ન કોલેજોના વિદ્યાર્થીઓ દ્વારા રંગોળી, મહેંદી, શોર્ટ ફિલ્મ મેકિંગ, વકતૃત્વ, સલાડ ડેકોરેશન, ડિબેટ, એક પાત્રીય અભિનય, મીમીક્રી, ગ્રુપ ડાન્સ જેવી ૧૬ સાંસ્કૃતિક પ્રતિયોગિતામા ખુબજ મોટી સંખ્યામાં ઉત્તસાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમના અંતિમ દિવસે તારીખ ૧૭ ફેબ્રુઆરીના રોજ મુખ્ય મહેમાન તરીકે સામાજિક કાર્યકર્તા માનનીયશ્રી સોમાભાઈ મોદી અને અતિથિ વિશેષ તરીકે મહેસાણા જીલ્લાના માનનીય સાંસદ શારદાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. યુનિવર્સિટી ખાતે અદ્યતન સુવિધાઓથી સજ્જ ૮૦૦૦ સીટની ક્ષમતા ધરાવતા ઓપન-એર થિયેટર અને વોલ ઓફ ફેમનું લોકાર્પણઉપસ્થિતમહેમાનશ્રીઓના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. ઉપરાંત, ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાનરાષ્ટ્રીયતથાઆંતરરાષ્ટ્રીય કક્ષાએ રિસર્ચ અને સ્પર્ધાત્મક ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિઓ પ્રાપ્ત કરીને યુનિવર્સિટીને પ્રતિષ્ઠા અપાવનાર તમામ સ્ટાફ અને વિદ્યાર્થીઓને સુવર્ણચંદ્રક એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે વિદ્યાર્થીઓના ઉત્સાહમાં વધારો કરવાઅને કાર્યક્રમમાંઅનેરું સ્પંદન પૂરું પાડવા ગુજરાતી ફિલ્મ જગતના કલાકાર અને વશ ફિલ્મના સ્ટાર કાસ્ટનિલમપંચાલ અને આર. જે. રૂહાન હાજર રહ્યા હતા.વશ ફિલ્મના સ્ટાર કાસ્ટ હિતેન કુમાર અને જાનકી બોડીવાલાએ તેમણા વિડિઓ મેસેજમાં વિદ્યાર્થી મિત્રોને સતત પ્રયત્નશીલ રહી સફળતાનાં નવા શિખર સર કરવા પ્રેરણા પુરી પાડી હતી. કાર્યક્રમના પ્રાસંગિક ઉદબોધનમાંમાનનીયશ્રી સોમાભાઈ મોદીએ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે યુનિવર્સિટી દ્વારા કરવામાં આવતા કાર્યોને બિરદાવ્યા હતા. આ પ્રસંગે મહેસાણા જીલ્લાના માનનીય સાંસદ શારદાબેન પટેલે વિદ્યાર્થીઓને શિક્ષણની સાથે સારા સંસ્કારો થકી ચરિત્ર નિર્માણ કરવા પર ભાર મુક્યો હતો. સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ શ્રી પ્રકાશભાઈ પટેલે જણાવ્યું હતું કે,વિદ્યાર્થીઓએ કોલેજના અભ્યાસ દરમિયાન પોતાના લક્ષ્યને નિર્ધારિત કરી જરૂરી કુશળતા મેળવી લેવી જોઈએ. જે માટે યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક જરૂરિયાતોની સાથે સ્પોર્ટ્સ, કલ્ચરલ, રિસર્ચ માટે પૂરું પાડવામાં આવતા પ્લેટફોર્મનો વધુમાં વધુ લાભ લેવા માર્ગદર્શન પુરું પાડ્યુ હતું.યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડૉ. ડી. જે. શાહે ભારતીય સંસ્કૃતિ અને કલાકૃતિના વૈશ્વિક મહત્વ પર ચિંતન રજૂ કર્યું હતું. ગુજરાત રાજ્યના આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી, ઉચ્ચ શિક્ષણમંત્રી માનનીયશ્રી ઋષિકેશભાઈ પટેલસરકારના વ્યસ્ત કાર્યક્રમને કારણે પ્રોગ્રામમાં ઉપસ્થિત રહી શક્યા નહોતા જેથી તેમણે તેમના શુભેચ્છા સંદેશમાં જણાવ્યું હતું કે કોઈપણ દેશનો સર્વાંગી વિકાસ શિક્ષણની સાથે યુવાનોમાં રહેલા ટેલેન્ટ, સ્કિલ પર આધારિત છે. તેથી તેમણે યુવાનોને પોતાનામાં રહેલા ટેલેન્ટને ઓળખી વિવિધ ક્ષેત્રે આગવી કળાને પ્રદર્શિત કરીને રાષ્ટ્રના વિકાસમા સહભાગી થવા જણાવ્યુ હતું. આ પ્રસંગે નૂતન સર્વ વિદ્યાલય કેળવણી મંડળનાં વાઈસ ચેરમેનશ્રી ચંદુભાઈ પટેલ તેમજ અન્ય ટ્રસ્ટીશ્રીઓ, આમંત્રિત મહેમાનશ્રીઓ, યુનિવર્સિટીના હોદ્દેદારો, વિવિધ ફેકલ્ટીના પ્રિન્સિપાલ તેમજ ડીન, ટીચિંગ-નોન ટીચિંગ સ્ટાફ અને ૭૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમના અંતે યુનિવર્સિટીના પ્રેસિડેન્ટશ્રી પ્રકાશભાઈ પટેલે વિવિધ પ્રતિયોગીતાના વિજેતા વિદ્યાર્થીઓ અને સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા અને પ્રોગ્રામને સફળ બનાવવા માટે સર્વે યુનિવર્સિટી સ્ટાફના કાર્યને બિરદાવ્યું હતું.

# ભારતના ઉપરાષ્ટ્રપતિશ્રી જગદીપ ધનખડનું ધોરડો ખાતે પરંપરાગત સ્વાગત કરાયું










કમલમ્ ન્યુઝ,ભુજ,

ભારતના માનનીય ઉપરાષ્ટ્રપતિશ્રી જગદીપ ધનખડ કચ્છના પ્રવાસે પધાર્યા છે ત્યારે ભુજ એરફોર્સ સ્ટેશન ખાતે આવ્યા બાદ તેઓ ખાસ હેલીકોપ્ટર મારફતે ધોરડો ખાતે પધાર્યા હતા. જયાં ધોરડો હેલિપેડ ખાતે માનનીય ઉપરાષ્ટ્રપતિ તેમજ લેડી વાઈસ પ્રેસિડેન્ટ સુશ્રી સુદેશ ધનખડનું રાજ્ય સરકાર વતી જિલ્લા વહિવટી તંત્ર દ્વારા કચ્છી શાલ ઓઢાડી પરંપરા મુજબ ભાવભર્યું સ્વાગત કરાયું હતું.

આ વેળાએ રાજયના સહકાર અને પ્રોટોકોલ મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા, ભુજ ધારાસભ્યશ્રી કેશુભાઈ પટેલ, ગાંધીધામ ધારાસભ્યશ્રી માલતીબેન મહેશ્વરી, ગુજરાત ટુરિઝમ સેક્રેટરીશ્રી હારિત શુકલા, જિલ્લા સમાહર્તાશ્રી દિલીપ રાણા, ટી.સી.જી.એલ.ના એમ.ડી.શ્રી આલોક પાંડે, પશ્ચિમ કચ્છ પોલીસ અધિક્ષકશ્રી સૌરભ સિંઘ, પ્રોબેશનલ IAS શ્રી સુનીલ સોલંકી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામકશ્રી જી.કે. રાઠોડ, ધોરડો સરપંચશ્રી મિયાં હુસેન સહિતના અગ્રણીઓએ માન.ઉપરાષ્ટ્રપતિશ્રીને ધોરડો ખાતે મીઠો આવકાર આપ્યો હતો. ધોરડો ખાતે ભારતના માનનીય ઉપરાષ્ટ્રપતિશ્રી જગદીપ ધનખડને ટેન્ટસિટી ખાતે બીએસએફ બટાલિયન ૩ દ્વારા તેમને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું.


# ૧૪મા આદિવાસી યુવા આદાન પ્રદાન કાર્યક્રમમાં વિવિધ વ્યાખ્યાનકાર દ્વારા વિવિધ સામાજિક વિષયો પર વ્યાખ્યાન યોજાયા



કમલમ્ ન્યુઝ,

દાદા ભગવાન સમાધિ કેલનપુર ખાતે ભારત સરકારના યુવા કાર્યક્રમ તથા ખેલ મંત્રાલય નેહરુ યુવા કેન્દ્ર વડોદરા આયોજિત આદિવાસી યુવા આદાન પ્રદાન કાર્યકમમાં વિવિધ વક્તાઓ દ્વારા વિવિધ વિષયો પર માર્ગદર્શન આપવામાં આવ્યું. સર્વ હેપીનન્સના નીતિન ટેલરે યુવાઓની સામાજિક ક્ષેત્રે ભૂમિકા પર માર્ગદર્શન આપેલ તથા યુવાઓના જીવનમાં ટેકનોલોજીની અસર પર પક્ષ પાડેલ. બ્રહ્માકુમારીના મનોજજીએ જીવનમાં આધ્યાત્મનો પ્રકાશ પાડ્યો અને યુવા વર્ગમાં લાગણી શીલતા બાબતે માર્ગદર્શન આપેલ તથા ડો. જીતેન્દ્ર ગવલીએ પર્યાવરણમાં થઇ રહેલા ફેરફારો અને એની માનવ જીવન પર અસર બાબતે પર પ્રકાશ પાડ્યો. સમગ્ર કાર્યક્રમ ઉપ નિર્દેશક સુબ્રતો ઘોષના માર્ગદર્શનમાં યોજાયો હતો.

# મોરબીના વિવિધ શિવાલયો મહાશિવરાત્રીના મહાપર્વે હર હર ભોલેના નાદથી ગુંજી ઉઠ્યા





કમલમ્ ન્યુઝ,મોરબી

મોરબીના વિવિધ શિવાલયોમાં આજ રોજ મહાશિવરાત્રીના મહાપર્વની હર હર ભોલેના નાદ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. જેમા મહાશિવરાત્રીના દિવસે ભાંગ સહીતનો પ્રસાદ વિતરણ કરી શિવરાત્રીની ઉજવણી કરવામાં આવી રહી છે.

મહાશિવરાત્રી એ હિન્દુ સંસ્કૃતિમાં એક મહત્વપૂર્ણ તહેવાર છે જે ભગવાન શિવની પૂજા કરે છે. આ તહેવાર વર્ષમાં એકવાર આવે છે અને દેશના લાખો લોકો આખો દિવસ અને રાત જાગતા રહીને ઉપવાસ કરીને ઉજવે છે. તેમજ દર વર્ષે, મહાશિવરાત્રી ફેબ્રુઆરી અને માર્ચ મહિનાની વચ્ચે આવે છે, અને સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે આ રાત્રે ભગવાન શિવ તેમનું તાંડવ નામનું નૃત્ય કરે છે.આ તહેવાર વિશ્વમાંથી અજ્ઞાન અને અંધકારને દૂર કરવા માટે ઉજવવામાં આવે છે. આધ્યાત્મિક વલણ ધરાવતા લોકો મહાશિવરાત્રીની રાહ જુએ છે અને માને છે કે આ તે દિવસ છે જ્યારે તેઓ ભગવાનની નજીક જવાની તેમની યાત્રામાં આધ્યાત્મિક શિખરો હાંસલ કરી શકે છે. મોરબી સહીત સૌરાષ્ટ્ર અને ગુજરાતની સાથે દેશભરમાં આજે મહાશિવરાત્રીના મહાપર્વ આસ્થા અને શિવ ભક્તિની ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે મોરબીના વિવિધ શિવાલયોમાં આજે સવારથી ભકતો શિવના દર્શન કરવાં માટે ઉમટી પડ્યા હતા. મોટી સંખ્યામાં ભક્તો દેવાધીદેવ મહાદેવના દર્શન કરીને ધન્ય થઈ ઉઠ્યા છે અને શિવમય બની ગય છે. ત્યારે મહાશિવરાત્રીના મહાપર્વ નિમિત્તે મોરબીના વિવિધ શિવાલયોમાં સવારથી ભકતોનો મહેરામણ ઉમટી પડયો હતો. મોરબીના વિવિધ શિવ મંદિરો રોશનીની ઝળાહળા થઈ ઉઠ્યા છે. શિવલિંગોને શણગાર કરવામાં આવ્યો છે. ભકતો બિલીપત્ર ચડાવી રહ્યા છે. શેરડીનો રસ, દુધ મિશ્રીત જળ અને દુધનો અભિષેક કરવામાં આવી રહ્યો છે. ભાંગ સહીતનો પ્રસાદ મેળવી ભકતો શિવમય બની ગયા છે. અને મોરબીના વિવિધ શિવાલયોમાં ભાંગ સહીતનો પ્રસાદ વિતરણ કરી મહાશિવરાત્રીના મહાપર્વની ઉજવણી કરવામાં આવી રહી છે.



આણંદના સુપ્રસિદ્ધ જાગનાથ મહાદેવ મંદિરમાં મહાશિવરાત્રી પર્વ નિમિતે ભગવાન શિવજીના દર્શન કરવાનો લાભ મળ્યો. ભગવાન મહાદેવની શોભાયાત્રામાં જોડાવાનો પણ મોકો મળ્યો. આ શુભ પ્રસંગે આણંદ ધારાસભ્યશ્રી યોગેશભાઈ પટેલ (બાપજી), નગરપાલિકાના ઉપપ્રમુખ શ્રી છાયાબેન ઝાલા, નગરપાલિકાના કાઉન્સિલર નિશિતભાઈ બુધાજી, મંદિરના મહંતશ્રી તથા શિવ ભકતો હાજર રહ્યા અને શોભાયાત્રામાં સૌ જોડાયા.

# આપણી તમામ ચીજવસ્તુઓ દુનિયા સ્વીકારતા થયા: જે.ડી. પટેલ

## પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલના હસ્તે ૨૫ ફેબ્રુઆરી ભાજપના નવીન કાર્યાલય નું ખાતમુહર્ત સમારંભ યોજાશે




## આગામી દિવસોમાં શહેર-તાલુકાના વિકાસના નયા આયામથી શ્રેષ્ઠ તાલુકો બનાવવાનો છે : વી. ડી. ઝાલા

કમલમ્ ન્યુઝ,યુનુસ મેમણ

વિધાનસભાની ચૂંટણી પૂર્ણ થતા હિંમતનગર શહેર ભાજપની પ્રથમ કારોબારી બેઠક જિલ્લા ભાજપ પ્રમુખ જે. ડી. પટેલ ના અધ્યક્ષ સ્થાને યોજાઈ. જેમાં જે.ડી. પટેલે જણાવેલ કે, તાજેતરમાં જ લોકસભા અને રાજયસભામાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ જે પ્રવચન આપેલ તેમાં જો આપણે સૌએ સાંભળ્યું હોય તો આ પ્રવચનથી આપણે દુનિયાના દેશો કરતા ભારત અમૃતકાંડ માં પ્રવેશ કરેલ છે. દેશના નાગરિકો શું કરી શકે છે તેની છણાવટ કરી છે. કોંગ્રેસની સરકારો કરતાં ટૂંકા ગાળામાં જે રીતે વિકાસ થયો છે તેની વાત છે, નગરપાલિકા દ્વારા કામોથી લોકો સેવાલે છે. પાલિકાની સર્વિસ સાથે આપણે લોકોને જોડીએ છીએ આપણને તેનાથી લોકો મત પણ આપતા હોય છે. આજે વિસરતા જતા અનાજનો ખાદ્ય પદાર્થ તરીકે ખાસ કરીને બાજરી અને જુવાર તેના દ્વારા અનેક ચીજ વસ્તુઓ બને છે ભારતમાં જ નહીં વિદેશમાં પણ મોટી હોટલોમાં આની ચીજ વસ્તુઓ બનાવી પીરસવામાં આવે છે આવી જાગૃતિ માટે કામ કરીએ દુનિયાના દેશો પણ આપણી ચીજ વસ્તુઓ સ્વીકારતા થયા છે આપણે હિંમતનગરમાં પણ તા. ૨૨ થી ૨૫ તારીખ ત્રણ દિવસ માટે બગીચામાં આ કાર્યક્રમ કરવા જઈ રહ્યા છીએ જેમાં નાગરિકોને જોડીએ. જે.ડી. પટેલે વધુમાં જણાવેલ કે દુનિયામાં ઈમ્પોટ ના આંકડા આપણા વધતા જાય છે દુનિયાના દેશોમાં અર્થ વ્યવસ્થામાં આપણે હવે લેવલમાં ચાલીએ છીએ ધારાસભ્ય વી.ડી. ઝાલા એ ચૂંટણીમાં જીત બદલ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને અમિતભાઈ શાહના કારણે અને કાર્યકરોની મહેનત (પુરુષાર્થના) કારણે જીત થઈ હોવાથી તમામનો આભાર માન્યો હતો અને આગામી દિવસોમાં શહેરમાં પાલિકા દ્વારા તેમજ તાલુકામાં પણ સાર્વત્રિક વિકાસ કરી જે કંઈ સમસ્યા હોય નાગરિકોને જે કંઈ તકલીફો પડતી હોય તે દૂર કરી શ્રેષ્ઠ તાલુકો બનાવવાનો છે સાબર યુનિવર્સિટી આવે તેના પણ પ્રયત્ન કરવાના છે તેમ જણાવેલ. જિલ્લા મહામંત્રી વિજયભાઈ પંડ્યા એ જણાવેલ કે હિંમતનગરમાં નવીન અધ્યતન કાર્યાલય બનાવવાનું છે તેના ખાતમુહર્ત સમારંભમાં આપણા પ્રદેશ ભાજપ પ્રમુખશ્રી સી.આર. પાટીલ સાહેબના હસ્તે થવાનું છે તેના માટે આપણે શહેરના તમામ કાર્યકર્તા ઉત્સાહથી કામે લાગી જઈએ જોડે પ્રદેશ મહામંત્રી રત્નાકરજી પણ આવશે, આગામી કાર્યક્રમો વિશે જણાવેલ કે બુથ સશક્તિકરણને મજબૂતકરવાનું છે, વોર્ડના બુથમાં શકિત કેન્દ્રો બનાવવા, બુથ સમિતિ બનાવવી, બુથ પ્રમુખ, તેના ઉપપ્રમુખ, મહામંત્રી તેમજ વોટર્સ ઓફ ઈન્ચાર્જ બનાવવા તે વિશે માહિતી આપી હતી. પાલિકા પ્રમુખ યતીનબેન મોદીએ પાલિકા દ્વારા શહેરમાં થયેલો વિકાસ અને આગામી દિવસોમાં થનારા કામોની વિસ્તૃત માહિતી આપી હતી અને જણાવેલ કે તમામ વોર્ડમાંથી જંગી મતો મળ્યા છે તે બદલ પાલિકાના સદસ્યો-સંગઠનનો આભાર માનું છું બેઠકમાં અભિનંદન પ્રસ્તાવ રજૂ કરવામાં આવેલ જેમાં ચૂંટણીની જીત માટે તમામનો આભાર માનવામાં આવેલ. જિલ્લા પ્રમુખ, ધારાસભ્ય, જિલ્લા ભાજપ મહામંત્રીએ ચૂંટણીમાં સારી કામગીરી કરવા બદલ શહેર સંગઠનને અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે શહેર ભાજપ પ્રમુખ વાસુદેવભાઈ રાવલ, જિલ્લા ખજાનચી જયેશભાઈ શાહ, મહિલા મોરચાના જિલ્લા પ્રમુખ નીલાબેન પટેલ, ગોપાલસિંહ રાઠોડ, પાલિકાના ઉપપ્રમુખ અને બેઠકના દાતા અમૃતભાઈ પુરોહિત, જયપ્રકાશભાઈ શાહ, વસંતભાઈ પંચાલ, કાજલબેન દોશી, નિર્મળાબેન પંચાલ, સાવનભાઈ દેસાઈ સહિત અપેક્ષિત હોદ્દેદારો, કાર્યકરો હાજર રહેલ. કાર્યક્રમનું સંચાલન શહેર મહામંત્રી જયેશભાઈ પટેલે કરેલ આભાર વિધિ શહેર મહામંત્રી બંટીભાઈ મહેતાએ કરેલ


## જોઈએ છે

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું નામાંકિત અખબાર ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર

PRESS

"કમલમ દૈનિક"

સમગ્ર ગુજરાત માટે બ્યુરો ઓફિસ ફાળવવાની છે

સમગ્ર ગુજરાતમાં જિલ્લા તેમજ તાલુકા મથકે રિપોર્ટીંગ કરી શકે તેવા જિલ્લા ચીફ અને તાલુકા ચીફ તેમજ માનદ- રિપોર્ટરની નિમણુંક કરવાની છે.

રસ ધરાવતા (અનુભવી - બિનઅનુભવી) વ્યક્તિએ સંપર્ક કરવો

સંપૂર્ણ બાયોડેટા ઈ-મેલ દ્વારા મોકલવો

E-mail.: kamalamgujarat@gmail.com

મહેશ પટેલ - Mo.: 98249 10606


•Printer/Publisher/Owner &Editor: Mahesh N.Patel. •Printed At:-CaptialOffset 801/1, Gi.d.c.,Sector-28 Gandhinagar,Gujarat-382028 •Published -At A-3,Plot No R-13, TanishqComplex, NewGreencity, Sector-26, Gandhinagar(Gujarat) 382028